# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૫/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,
(ડે. સેક્રેટરી)

---

# ‘સીટમે’ પ્રદર્શનથી બે જ મહિનામાં એકઝીબીટર્સને રૂપિયા ૧૦૦થી ૧૨૫ કરોડનો બિઝનેસ મળવાની આશા

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૩/૧/૨૦૨૦ થી ૫/૧/૨૦૨૦ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ‘સુરત ઇન્ટરનેશનલ ટેક્ષટાઇલ એન્ડ મશીનરી એક્ષ્પો – સીટમે ૨૦૨૦’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. ત્રણેય દિવસ પ્રદર્શનને દેશભરમાંથી બાયર્સનો બહોળો પ્રતિસાદ મળતા એકઝીબીટર્સને આગામી બે મહિનામાં રૂપિયા ૧૦૦થી ૧૨૫ કરોડનો બિઝનેસ મળવાની આશા વ્યકત કરવામાં આવી હતી.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, પ્રદર્શનમાં ૬૦ સ્ટોલમાંથી ૩૫ મશીનરીઓના સ્ટોલ હતા. નાની મશીનરીથી લઇને ૪૦ ફૂટની હાઇસ્પીડ અને અત્યાધુનિક ટેકનોલોજીવાળી મશીનરી માટે પણ સ્ટોલધારકોને ખૂબ જ સારી ઇન્કવાયરી નીકળી હતી. કારણ કે જુની મશીનરીવાળા ઉદ્યોગપતિઓ હવે નવી ટેકનોલોજીમાં ઝંપલાવી રહયાં છે. આથી આગામી બે મહિનામાં એક–એક એકઝીબીટર્સ ૮૦થી ૧૦૦ મશીનો વેચાઇ જવાની આશા સેવી હતી. જયારે વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૨૦૦થી ૩૦૦ મશીનો વેચાવાની સંભાવના વ્યકત કરી હતી. એટલે આ પ્રદર્શનથી કુલ ૪ હજારથી ૫ હજાર નવી મશીનરી વેચાઇ જશે. આમ જાન્યુઆરી મહિનામાં કમુરતા પુરા થતાની સાથે જ બે મહિનામાં રૂપિયા ૧૦૦થી ૧૨૫ કરોડ સુધીનો બિઝનેસ મળવાની આશા એકઝીબીટર્સે વ્યકત કરી હતી.

‘સીટમે’ પ્રદર્શનમાં એમ્બ્રોઇડરી, ડિજીટલ પ્રિન્ટીગ–ઇન્ક, નોન વુવન, નીટીંગ, સુઇન્ગ, લેસર, સ્પેરપાર્ટ્સ, થ્રેડ્સ–જરી અને વિવિધ એસેસરીઝને પ્રદર્શનમાં મુકવામાં આવી હતી. ત્રણ દિવસ દરમિયાન બાયર્સનુ માનવ મહેરામણ ઉમટી પડયુ હતુ. સુરત અને અમદાવાદ ઉપરાંત દિલ્હી, ચંડીગઢ, કોલકાતા, તિરુપુર, લુધિયાના, અમૃતસર, પાનીપત, જયપુર, ભીવંડી અને માલેગાવથી ખૂબ જ મોટી સંખ્યામાં બાયર્સ પ્રદર્શનમાં ઉમટી પડયા હતા. પ્રથમ દિવસે ૭ હજાર, બીજા દિવસે ૧૪ હજાર અને આજરોજ અંતિમ દિવસે ૨૧ હજાર જેટલા બાયર્સ પ્રદર્શન નિહાળતા જોવા મળ્યા હતા. આમ ત્રણ દિવસ દરમિયાન દેશભરમાંથી કુલ ૪૨ હજાર જેટલા બાયર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી.